RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 69, Dt.31-05-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાલે લોકસભાની ચૂંટણીનું અંતિમ તબક્કાનું મતદાન



## કુલ ૭૫ દિવસના ચૂંટણી અભિયાનનો અંત આવશેઃ ૫૭ બેઠક માટે ૯૦૪ ઉમેદવારો મેદાનેઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં થશે કેદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભાની ચૂંટણીમાં છેલ્લા તબક્કા માટે આવતીકાલ તા.૧ના રોજ આઠ રાજયોની ૫૭ બેઠકો પર મતદાન થવાનું છે. આ તબક્કામાં કુલ ૯૦૪ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. ત્રીજી વખત પણ વડાપ્રધાન બનવાની તૈયારી કરતા નરેન્દ્રભાઈ મોદી વારાણસીથી ચૂંટણી લડી રહ્યા છે તે કારણે ઉત્તર પ્રદેશમાં ચૂંટણીનો માહોલ સૌથી વધુ ગરમ છે.

મતદાન બાદ તા.૪ને મંગળવારે મતગણતરી થશે અને આગામી પાંચ વર્ષ દેશમાં કોણ શાસન કરશે તેનો લોક ચુકાદો જાહેર થશે.અઢી મહિના સુધી ચાલેલી લોકસભાની ચૂંટણીના પરિણામનો જોરશોરનો પ્રચાર ગઈકાલે ગુરૂવારે સાંજે છ વાગ્યે પુરો થયો છે. આ વખતે ભયંકર ગરમી વચ્ચે અને બેફામ રાજકીય આક્ષેપો વચ્ચે લોકોએ મતદાન કર્યુ છે.

હવે કાલે આઠ રાજ્યો, ચંદીગઢ સહિત ૫૭ બેઠક માટે મતદાન થશે તો ઓરીસ્સા વિધાનસભામાં ૪૨ બેઠક માટે મતદાન છે. પ્રચાર અભિયાનમાં ભાજપના નેતૃત્વ વાળા ગઠબંધને કોંગ્રેસ અને વિપક્ષી દલોના ઈન્ડિયા સમુહ પર પરિવારવાદ, તૃષ્ટીકરણ અને ભ્રષ્ટાચાર મામલે આક્ષેપોનો વરસાદ કર્યો હતો. તો વિપક્ષે સરકાર ઉપર ભ્રષ્ટાચાર, ધાર્મિક વિભાજનની રાજનીતિ અને વિપક્ષી નેતાઓ સામે તપાસ એજન્સીઓના દુરઉપયોગના આક્ષેપ કર્યા હતા.

ચૂંટણી પ્રચાર પુરો થતા પૂર્વે વડાપ્રધાને હોશીયારપુરમાં ચૂંટણીસભા સંબોધી હતી. કેન્દ્રશાસિત ચંદીગઢની એક બેઠક પર જ મતદાન છે. ઓરીસ્સામાં ૧૪૭ પૈકી છેલ્લા તબક્કામાં ૪૨ બેઠક પર જનતા દલ (બીજુ), ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટક્કર છે.

શનિવારના છેલ્લા મતદાનમાં ૫૭ બેઠકો માટે ૨૧૦૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ચકાસણી અને ફોર્મ પરત ખેંચવાની મુદત બાદ ૯૦૪ ઉમેદવાર મેદાનમાં રહ્યા હતા. લોકસભાની ૫૪૩ બેઠકમાંથી ૪૮૬ પર મતદાન અગાઉ થઈ ગયું છે. પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠક પર ૬૬.૧૪, આ બાદ ૮૮ બેઠક પર ૬૬.૭૧, ૯૩ બેઠક પર ૬૫.૬૮, ૯૬ બેઠક પર ૬૭.૭૧, ૪૯ બેઠક પર ૬૨.૨૦, ૫૮ બેઠક પર ૬૩.૩૭ ટકા મતદાન નોંધાયું હતું. ભાજપનો પ્રચાર એજન્ડા અબ કી બાર ચાર સો પાર અને નવા રોડમેપ પર રહ્યો હતો. તો કોંગ્રેસે મોંઘવારી, બેરોજગારી, બંધારણ બચાવોના નારા લગાવ્યા હતા. લોકો વચ્ચે રહેવા રાહુલ ગાંધીએ તેનો જુનો અંદાજ ચાલુ રાખ્યો હતો.

# જમ્મુમાં બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકીઃ૨૨નાં મોત, ૬૯ ઘાયલ

## UP-રાજસ્થાનના ૯૦ યાત્રાળુઓ હાથરસથી શિવખોરી જઈ રહ્યા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુના અખનૂરમાં ગુરુવારે બપોરે શ્રદ્ધાળુઓને લઈ જતી એક બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં ૨૨ લોકોના મોત થયા હતા. જ્યારે ૬૯ લોકો ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધી શકે છે.

ઘાયલોને જમ્મુની અખનૂર હોસ્પિટલ અને જમ્મુની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અકસ્માત જમ્મુ-પૂંછ હાઈવે પર થયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બસમાં ઉત્તર પ્રદેશના હાથરસથી લગભગ ૯૦ લોકો મુસાફરી



કરી રહ્યા હતા. તેઓ હાથરસથી શિવ ખોરી જઈ રહ્યા હતા. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. અકસ્માતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.અહીં કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સાથે જ ઘાયલોને ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ X પર લખ્યું, ''જમ્મુ પાસે અખનૂરમાં એક બસ દુર્ઘટનામાં લોકોના મોતના સમાચારથી દુઃખ થયું. મૃતકોના પરિવાર પ્રત્યે મારી સંવેદના. હુ ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું.

# આરબીઆઈએ ૧૦૦ ટન સોનુ બ્રિટનના વોલ્ટમાંથી ભારતમાં ખસેડયું

## આવતા મહિનાઓમાં વધુ ૧૦૦ ટન સોનુ ભારતમાં સ્ટોરેજ કરવા લવાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોનાના ભાવોમાં કેટલાંક વખતથી રેકોર્ડબ્રેક તેજી વચ્ચે ભારતીય રિઝર્વ બેંક જંગી ખરીદી કરી રહી હોવાનું જાહેર થયુ જ છે ત્યારે ૧૯૯૧ પછી પ્રથમ વખત આરબીઆઈએ ૧૦૦ ટન સોનુ બ્રિટનના વોલ્ટમાંથી ભારતમાં ખસેડયુ છે. આવતા મહિનાઓમાં વધુ ૧૦૦ ટન સોનુ ભારતમાં લાવવામાં આવશે.

રિઝર્વ બેંકના છેલ્લા રિપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું જ હતું કે તેના પાસે માર્ચની સ્થિતિએ ૮૨૨.૧ ટન સોનુ હતું તેમાંથી ૪૧૩.૮ ટન સોનુ વિદેશમાં રાખવામાં આવ્યુ છે. ગત વર્ષે રીઝર્વ બેંકે ૨૭.૫ ટન સોનાની ખરીદી કરી હતી.





છેલ્લા વર્ષોમાં ખરીદીનો સ્ટોક વિદેશોમાં જ રાખવામાં આવ્યો હતો જે હવે ભારતમાં લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નોર્મલ રીતે બેંક ઓફ ઈન્ડીયા સોનાનો સ્ટોક રાખતી હોય છે. બ્રિટનમાં સોનુ રાખવાની ભારતની દાયકાઓ જુની પરંપરા છે.

૧૯૯૦ના દાયકાની કટોકટી બાદ ભારત છેલ્લા કેટલાંક વર્ષોથી સોનાની ખરીદી કરી જ રહી છે. પ્રદેશોમાં ભારતનો સ્ટોક વધતો રહ્યો હોવાથી તે હવે ભારત લાવવાનું વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

ભારતીયોનો સોના પ્રત્યેનો લગાવ જાણીતો છે અને દર વર્ષે ટનબંધ ખરીદી કરવામાં આવે છે. વિશ્વમાં સોનાની સૌથી વધુ આયાત કરતા દેશોમાં ભારતનું સ્થાન ટોપ પર છે. ૧૯૯૧ની અધિક કટોકટી અને ચંદ્રશેખરની સરકાર દ્વારા સોનુ ગીરવે મુકયુ હતું. ૧૫ વર્ષ અગાઉ રીઝર્વ બેંકે આઈએમએફ પાસેથી ૨૦૦ ટન સોનાની ખરીદી કરી હતી અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પરથી સતત ખરીદી કરીને સ્ટોક વધારવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું કે સોનાની ખરીદી અર્થતંત્રની તાકાત અને વિશ્વાસ સુચવે છે. ૧૯૯૧ની સરખામણીએ ભારતનું આર્થિક ચિત્ર તમામ વિરોધાભાસી છે. ૧૦૦ ટન સોનુ ભારતમાં લાવવાની કવાયત પડકારરૂપ હોય છે અને મહીનાઓના પ્લાન અને વિવિધ દેશો-વિભાગોના સંકલનથી શકય બને છે.

# સમગ્ર દેશમાં ગરમીનો હાહાકારઃ એક દિવસમાં ૨૨૭ લોકોના મૃત્યુ


## દિલ્હી સહિત ઉત્તર ભારતમાં વરસતી લૂઃ બિહારમાં તા.૮ સુધી શાળાઓ બંધ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સમગ્ર દેશ સાથે ગરમીનું ભયંકર મોજુ ઉત્તર ભારતમાં ફેલાઇ રહ્યું છે. ભીષણ ગરમીના કારણે હવે સુરજનો તાપ જીવલેણ બનતો હોય તેમ ગઇકાલે ગુરૂવારે માત્ર એક દિવસમાં ઉત્તરપ્રદેશમાં ૧૬૪ અને બિહારમાં ૬૦ સહિત કુલ ૨૨૭ લોકોના મોત થયા છે. તો દિલ્હીમાં પણ પહેલું મૃત્યુ નોંધાયું છે.

ગઇકાલે પંજાબનું ફરીદકોટ અને રાજસ્થાનનું શ્રીગંગાનગર પુરા દેશમાં સૌથી ગરમ રહ્યું હતું અને તાપમાન ૪૮.૩ ડિગ્રી હતું યુપીના બુલંદ શહેરમાં ૪૮, દિલ્હીમાં ૪૫.૬, નોઇડામાં ૪૭.૩ પર પારો હતો. ભયંકર ગરમી અને લુના કારણે ગઇકાલે એક દિવસના સૌથી વધુ મોત હતા. ઔરંગાબાદમાં ૨૦ લોકો અને દિલ્હીમાં એક મજુરનો જીવ ગયો હતો. હરિયાણામાં બે મૃત્યુ થયા છે.

ઉત્તરપ્રદેશમાં વારાણસી અને આસપાસના જિલ્લામાં ૭૨ લોકોના, બુંદેલખંડ અને કાનપુર આજુબાજુમાં ૪૭ લોકોના મૃત્યુ થયા હતા. પ્રયાગરાજમાં ૧૧, કોસંબીમાં ૯, ઝાંસીમાં ૬, આગ્રામાં ૩ લોકોના જીવ ગયા છે. દેશમાં ૪૧ સ્થળે મહતમ તાપમાન ૪૫ ડિગ્રી અથવા તેથી વધુ રહ્યું હતું. રાજસ્થાનના પિલાની શહેરમાં ૪૭.૬, હનુમાનગઢમાં ૪૭.૨, ચુરૂમાં ૪૭, જેસલમેરમાં ૪૬.૧, બિકાનેરમાં ૪૬.૮,



અલવરમાં ૪૬, ચંદીગઢમાં ૪૪.૯ ડિગ્રી તાપમાન હતું.

ઉત્તર ભારત સહિત દેશના અનેક શહેરોમાં ભીષણ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. બિહારમાં પણ ગરમીનો કહેર જોવા મળી રહ્યો છે. ઔરંગાબાદ જિલ્લામાં હીટવેવને કારણે ૧૬ લોકોના મોત થયા છે.દરમ્યાન બિહારમાં કાળઝાળ ગરમીના કારણે રાજ્ય સરકારે બુધવારે તમામ ખાનગી અને સરકારી શાળાઓ, કોચિંગ સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રોને ૮ જૂન સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જો કે કાળઝાળ ગરમીના કારણે શેખપુરા, બેગુસરાય, મુઝફ્ફરપુર અને પૂર્વ ચંપારણ સહિતનાઘણા વિસ્તારોમાંથી સરકારી શાળાના શિક્ષકો બેહોશ થઈ જવાના બનાવો પણ નોંધાયા છે.

# ગેમઝોનમાં સર્જાયેલ દુર્ઘટનાના પગલે મનપાના ટીપીઓ સાગઠીયા સહિત ચાર અધિકારીની ધરપકડ

## આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર મુકેશ મકવાણા, ગૌતમ જોષી, ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાએ આંખ બંધ કરીને કામગીરી કર્યાનો થયેલો ખુલાસોઃ રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી અગ્નિકાંડમાં પોલીસે મહાપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠિયા સહિત ચારની ) ધરપકડ કરતાં જ ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ચારેયે ? આંખ બંધ કરીને કામગીરી કર્યાનો ખુલાસો થતાં જ પોલીસે ચારેયને દબોચી લીધા હતા. સૌથી પહેલી ભૂમિકા એમ.ડી. ? સાગઠિયાની સામે આવી હતી જેણે ટીઆરપી ગેઈમ ઝોન મંજૂરી વગર વર્ષોથી ધમધમી રહ્યો હોવા છતાં તેનું ડિમોલિશન કરવાની કોઈ જ તસ્દી લીધી ન્હોતી. આ ઉપરાંત એટીપીઓ મતલબ કે આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર પણ કામગીરી કરવામાં ? ઉણા









ઉતરતાં આખરે પાપનો ઘડો ભરાઈ જવા પામ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એમ.ડી.સાગઠિયાની કરમકુંડળી ) તમામને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ કાઢવામાં આવી હતી જેમાં તેના જન્મથી લઈ દૂર્ઘટના બની? આ મુદ્દે વધુ ખુલાસા થશે. આ ઉપરાંત સસ્પેન્ડેડ પીઆઈ ત્યાં સુધીના પ્રશ્નોનો મારો ચલાવાયો હતો. પ્રશ્નોત્તરીમાં / વી.આર.પટેલ અને એન.વાય.રાઠોડની પણ ક્રાઈમ બ્રાન્ચ સાગઠિયા ગલ્લાતલ્લા કરતો હોવાનું સ્પષ્ટ થતાં જ તેની ? ધરપકડ કરી લેવાઈ હતી. આ ઉપરાંત એટીપીઓ મુકેશ ( મકવાણા, ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાની પણ લાંબી પૂછપરછ બાદ ધરપકડ કરી લેવામાં આવી છે. આ અંગે એસીપી ક્રાઈમ બી.બી.બસીયાએ જણાવ્યું કે તમામની ટીઆરપી ગેઈમ ઝોનના આરોપીઓ સામે જે કલમો લગાવાઈ તેના હેઠળ જ ધરપકડ કરવામાં આવી છે.

દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી હોય તેમની પણ ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. હવે આ મામલે એસીબીએ પણ ઝંપલાવ્યું હોવાથી સાગઠિયા સહિતના સામે ભ્રષ્ટાચાર સહિતની કલમો હેઠળ અલગથી ગુનો નોંધાય તેવી શક્યતા પણ છે. એવી વિગતો પણ જાણવા મળી રહી છે કે ૨૦૨૩માં ટીપીઓ સાગઠિયાએ ( ગેઈમ ઝોન તોડી પાડવા માટે નોટિસ ફટકારી હતી પરંતુ તે ? માત્ર નોટિસ પૂરતી જ મર્યાદિત રહી હતી.

# મનપાના ભ્રષ્ટ અધિકારી સાગઠીયા તેમજ ઠેબાના નિવાસસ્થાને એસીબીના દરોડા

## ભ્રષ્ટાચાર કરી મોટાપાયે બેનામી મિલ્કત વસાવી હોવાની શંકાએ પાંચ સ્થળોએ દરોડા પાડયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ટીઆરપી ગેઈમ ઝોનમાં આગની ગોઝારી દૂર્ઘટના માત્રને માત્ર ( પૈસાભૂખ્યા વરૂઓ દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટાચારને કારણે જ બની હોવાનું સ્પષ્ટ થઈ ચૂક્યું છે. આ ગેઈમ ઝોન કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ધમધમતો હોવાનું ધ્યાન પર આવ્યું છે ત્યારે તેમાં અલગ-અલગ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સંડોવાયેલા હોવાનું આ અંગે અધિકારી સૂત્રોએ જણાવ્યું કે આ તપાસ લાંબી ચાલનાર હોવાથી કોના પરેથી ૬અ મળ્યું તેનો ! તો ખુલાસો થતાં થોડો સમય લાગશે. બીજી બાજુ એસીબી દ્વારા એ તપાસ પણ શરૂ કરવામાં આવી છે કે આ અધિકારીઓનો જેટલો પગાર છે જેટલી જ મિલકત છે કે તેનાથી વધુ છે ? આ ઉપરાંત ઘરમાં લોકર-કબાટ સહિતની ચકાસણી પણ શરૂ કરી દેવામાં આવી છે.

ખુલ્યું છે. બીજી બાજુ ભ્રષ્ટાચાર થકી આ લોકોએ મોટાપાયે બેનામી મિલકતો વસાવી હોવાનું ખુલતાં જ એસીબીએ પણ હવે તપાસમાં ઝંપલાવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચીફ ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે.ઠેબા, ટીપીઓ સાગઠિયા સહિતની પૂછપરછ ચાલી રહી છે તે દરમિયાન જ આ લોકોના ઘેર એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે ચેકિંગ શરૂ કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદથી એસીબીની ટીમ સાંજે રાજકોટ આવી પહોંચી હતી અને ટીપીઓ એમ.ડી.સાગઠિયા, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ( ખેર, ખેર, ડે.ચીફ ડે. ચીફ ફાયર ઓફિસર બી.જે.ઠેબાના નિવાસસ્થાને ચેકિંગ હાથ ધર્યું હતું. સાગઠિયા યુનિવર્સિટી રોડ વિસ્તારમાં રહેતા હોવાનું તેમજ બી.જે.ઠેબા ખોડિયાર પરામાં તેમજ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર પુષ્કરધામ વિસ્તારમાં રહેતા હોય તેમના ઘેર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# જામનગરમાં કોઈપણ પ્રકારની મંજૂરી કે લાયસન્સ વિના ધમધમતા હોટલ રેસ્ટોરન્ટ પર મહાનગરપાલિકાના તંત્રની તવાઈ

## જામનગર શહેરમાં લાયસન્સ વગર ધમધમતા ૨૦ રેસ્ટોરન્ટ સીલ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોઈપણ પ્રકારની મંજૂરી કે લાયસન્સ વિના ધમધમતા હોટલ રેસ્ટોરન્ટ પર મહાનગરપાલિકાના તંત્રની તવાઈ જામનગર શહેરમાં લાયસન્સ વગર ધમધમતા ૨૦ રેસ્ટોરન્ટ સીલ કરાયા રાજકોટના ટીઆરપી ગેમઝોનની કરૂણાંતિકા પછી જામનગરમાં ગેમ ઝોન, હોટલ રેસ્ટોરન્ટ સહિતના જાહેર સ્થળો પર ચકાસણી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત લાયસન્સ વગર ધમધમતા ૨૦ રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવ્યા છે. રાજકોટ ગેમઝોનની કાળજું કંપાવનારી ઘટના બાદ જામ્યુકો દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં બનાવેલી આઠ ટૂકડીઓ દ્વારા હોટલ-રેસ્ટોરન્ટમાં ફાયર એનઓસી, લાયસન્સ સહિતના મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં રણજીતસાગર રોડ તેમજ શહેરના અન્ય



વિસ્તારમાં આવેલી ૪૦ જેટલી હોટલ રેસ્ટોરન્ટ, કે જેમાં ફાયર એનઓસી સહિતના કોઈપણ પ્રકારના લાયસન્સ મેળવ્યા ન હોવાનું ધ્યાનમાં આવ્યું છે, અને તે તમામ સ્થળે સીલીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.જેના અનુસંધાને એસ્ટેટ વિભાગના અધિકારી સુનિલ ભાનુશાલી તથા અન્ય વિભાગની ટીમ રણજીતસાગર રોડ પર આવેલા બેઠક રેસ્ટોરન્ટમાં પહોંચી હતી. ત્યાં કોઈપણ પ્રકારનું લાયસન્સ મેળવાયું ન હોવાનું ધ્યાનમાં આવતા તાત્કાલિક અસરથી તે હોટલને સીલ કરી દેવામાં આવી હતી. તેથી સંચાલકોમાં નાસભાગ મચી ગઈ હતી. તદઉપરાંત અન્ય હોટલ, રેસ્ટોરન્ટમાં પણ તપાસ દરમિયાન ક્ષતિ જોવા મળતા આવા હોટલ-રેસ્ટોરન્ટને પણ સીલ કરવામાં આવી છે.જેમાં ફૂડ પાર્સલ, રાધે-રાધે રેસ્ટોરન્ટ, ઢોસા ડોટ કોમ, ખોડિયાર હોટલ એન્ડ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. આ તમામને સીલ મારી દેવાયા છે અને જરૂરી પૂર્તતા કરવા સૂચના આપવામાં આવી રહી છે.

# ટંકારા નજીક કારની ઠોકરે બાઈક ચાલક વૃદ્ધ ઘાયલ

**મુખ્ય સમાચાર, ટંકારા**


મળતી માહિતી અનુસાર ટંકારામાં લક્ષ્મીનારાયણ સોસાયટી શેરી નં.૧૧ માં રહેતા મુકેશગીરી હીરાગીરી ગૌસ્વામી ઉવ-૬૦ ગત તા.૧૮/૦૫ના રોજ પોતાનું બાઈક રજી.જીજે-૩૬-એન-૨૦૨૭ લઈને જતા હોય ત્યારે મોરબી રોડ ઉપર આવેલ તિરૂપતિ પેટ્રોલ પમ્પ પાસે પાછળથી આવતી પુરપાટ ગતિએ ચલાવીને આવતા કાર રજી.નં.જીજે-૩૬-એએલ-૦૩૪૦ના ચાલકે બાઇકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં મુકેશગીરી બાઈક ઉપરથી નીચે પડી જતા તેઓને માથાના ભાગે તથા નીતંબના એક ગોળાના ભાગે ફ્રેક તથા બીજા ગોળાના ભાગે નુકશાન કરી તથા શરીરે છોલાણ જેવી ઇજાઓ કરી ઉપરોક્ત કાર ચાલક પોતાની કાર લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હોય જે મુજબની ફરિયાદને આધારે પોલીસે કાર ચાલક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેકેશનનો સદઉપયોગ કરીને નવયુગ સાયન્સ કોલેજના શિક્ષકે ટ્રેકીંગના બેઝીક કોર્ષમાં ૧૦ દિવસની તાલીમમાં ભાગ લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

શિક્ષક માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવા સીમિત ન રહેતા આજની નવી પેઢી સાથે તાલ મિલાવી શકે એટલો હર હંમેશ બીજી પ્રવૃત્તિમાં પણ અપડેટ હોવા જોઈએ કે જેમાંથી વિદ્યાર્થીઓને પણ પુસ્તકીયા જ્ઞાન સિવાય બીજી પ્રવૃત્તિમાં જોડાવા માટે પણ પ્રેરણા મળવી જોઈએ.

આ વાત ને સાર્થક કરતા વેકેશનનો સદઉપયોગ કરીને નવયુગ સાયન્સ કોલેજમાં ફરજ બજાવતા પ્રોફેસર હર્ષદ એમ. મારવણીયા એ રાજ્ય સરકારના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજિત, ખડક



ચઢાણ બેઝીક કોર્ષમાં ૧૦ દિવસની તાલીમમાં ભાગ લીધો હતો. અને તેમાં સફળતા પૂર્વક અ લફિમય પ્રાપ્ત કરેલ છે. આ બાબત વિદ્યાર્થીઓ માટે પ્રેરણા રૂપ છે. શિબિરથી તેમનામાં ટીમ ભાવના આત્મવિશ્વાસ અને સ્વયંશિસ્ત, મજબૂત મનોબળ હકારાત્મક અભિગમ કેળવવા જેવા ગુણો આત્મસાત કર્યા હતાં. આ શિબિરના સમાપન કાર્યક્રમનું સંચાલન પણ પ્રો. હર્ષદ એમ. મારવણીયા એ કર્યું હતું.આમ દરેક શિક્ષક આવી પ્રવૃત્તિમાં ભાગ લઈ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડતાં રહે. આ તકે નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન મોરબી ના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા અને નવયુગ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબી ગ્રામ્ય ક્રિકેટ એસો.માં ભ્રષ્ટાચાર અને લાગવગ ચાલતો હોવાના વાલીઓનો આક્ષેપ

## મોરબીનાં હેડ કોચ સામે કરાઈ ફરિયાદ : ગેરરીતિના કારણે અનેક ટેલેન્ટેડ પ્લેયર્સ ક્રિકેટ છોડી ચુક્યા છે, એસો.ના પ્રમુખ ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા આ મામલે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબી ગ્રામ્ય ક્રિકેટ એસોસિએશનમાં ભ્રષ્ટાચાર અને લાગવગ ચાલતો હોવાના આક્ષેપ સાથે વાલીઓમાં રોષ ફેલાયો છે. વાલીઓએ મોરબી ગ્રામ્ય ક્રિકેટ એસોસિએશનનાં કોચ સામે આક્ષેપો કરી તાકીદે તેને બદલવાની માંગ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. તેમજ મોરબી ક્રિકેટ એસો.ના પ્રમુખ ધારાસભ્ય અમૃતિયાને પણ આ મામલે તાકીદે પગલા લેવા વાલીઓએ રજૂઆત કરી છે.

આ અંગે મોરબીનાં સમીર પટેલ નામના એક વાલીએ જણાવ્યું કે તેઓનો દિકરો અન્ડર ૧૪માંથી અન્ડર ૧૬માં આવ્યો છે. આજે અન્ડર ૧૬માં તેનું સિલેક્શન હતું. તેઓએ ઉમેર્યું કે મારો દીકરો જાન્યુઆરી ૨૦૨૪માં વખતે




અન્ડર ૧૪માં રમ્યો હતો. ત્યારે આખા સૌરાષ્ટ્રમાં લીડર બોર્ડમાં તેનો ૨૬મો રેન્ક હતો. આજના અન્ડર ૧૬ સિલેક્શનમાં એનું મોરબી ડિસ્ટ્રિક્ટમાં પણ ટોપ ૩૫માં નામ નથી. તો ત્રણ મહિનામાં મારા દીકરાનું ટેલેન્ટ કઈ રીતે ઘટી ગયું ? આ બાબતે ગ્રામીણ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને મળ્યા હતા. તેઓ દ્વારા હૈયા ધારણા આપવામાં આવી હતી કે કંઈક રસ્તો નીકળી જશે. પણ કઈ થયુ નહિ. આ એકમાત્ર મારા દીકરાનો સવાલ નથી. પણ આ બધાના બાળકોનો પ્રશ્ન છે. જો આ મામલે પગલાં લેવામાં નહિ આવે તો અમે આંદોલન પણ કરીશું.

જ્યારે મોરબીમાં ક્રિકેટ એકડમી ચલાવતા વિશાલભાઈએ જણાવ્યું કે અત્યારે ગ્રામ્ય ક્રિકેટ એસોસિએશનના જે હેડ કોચ છે તે અગાઉ ભ્રષ્ટાચારમાં દંડાયેલા છે. તો કેમ એને રિપીટેશન આપવામાં આવે છે. એ પણ પ્રશ્ન છે. ઘણા પ્લેયર્સ એવા છે કે જેને ૧૦ વર્ષ ક્રિકેટમાં મહેનત કરી પણ પછી કંટાળીને ક્રિકેટને મૂકી દીધું. વધુમાં તેઓએ સણસણતા સવાલો કર્યા કે મોરબી ગ્રામ્ય ક્રિકેટ એસોસિએશનનું સિલેક્શન કોઈ પ્રાઈવેટ એકેડમીમાં શુ કામ થવું જોઈએ ? સિલેકશન માટે સિલેક્શન મેચ તો રમાવો જોઈએ ને ? આમ તેઓએ માંગ ઉઠાવી હતી કે સિલેક્શન મેમ્બર્સની હાજરીમાં કાયદેસર રીતે સિલેક્શન થવું જોઈએ. અંતમાં તેઓએ ઉમેર્યું કે આ મામલે એસો.ના પ્રમુખ કાંતિલાલને રજૂઆતો પણ કરી છે.

આ સાથે વાલીઓએ સૌરાષ્ટ્ર અને ભારત ક્રિકેટ એસોસિએશનમાં પણ લેખિત ફરિયાદો કરી છે. જેમાં મોરબી જિલ્લામાં ક્રિકેટ ખેલાડીઓના સિલેકશમાં લાગવગ અને ભ્રષ્ટાચારના આરોપો લગાવી મોરબીનાં વાલીઓએ ભારે રોષ વ્યકત કર્યો હતો. અને જો તાત્કાલિક મોરબી ક્રિકેટ એસોસિએશનનાં કોચને બદલવામાં નહિ આવે તો આગામી સમયમાં આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી હતી.

# મોરબીમાં મદીના સોસાયટીમાંથી તમંચા સાથે પકડાયેલ આરોપીને હથિયાર આપનારની ધરપકડ

## સપ્લાય કરનાર પાસેથી વધુ એક હથિયાર કબ્જે કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ મદીના સોસાયટીમાંથી બે દિવસ અગાઉ ગેરકાયદેસર દેશી હાથ બનાવટના તમંચા સાથે આરોપી વસીમ અનવરભાઈ માલાણીને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. જે પકડાયેલ આરોપીની પૂછતાછમાં તમંચો આપનાર આરોપીનું નામ ખુલવા પામ્યું હતું. ત્યારે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે હથિયાર આપનારની ધરપકડ કરી હતી. ત્યારે હથિયાર આપનાર આરોપીની પ્રાથમિક પૂછતાછમાં તેની પાસેથી વધુ એક હથિયાર મળી આવ્યું હતું જેથી પોલીસે વધુ એક આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.૨૮/૦૫ના રોજ ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા વીસીપરા વિસ્તારમાં આવેલ મદીના સોસાયટીમાંથી આરોપી વસીમભાઈ અનવરભાઇ માલાણીને હથીયાર સાથે પકડી મોરબી સીટી બી ડીવીજન પોલીસ સ્ટેશનમા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ શરૂ કરી હતી. ત્યારે આગળની વધુ તપાસ મોરબી સીટી બી ડીવીજન પોલીસ ચલાવતી હોય ત્યારે આરોપી વસીમની પુછપરછ કરતા પોતાને હથીયાર કિશનભાઇ ટીડાભાઇ મુંધવા રહે.મોરબી વાળાએ આપેલ હોવાની હકીકત જણાવતા તુરંત આરોપી હરીકિશન ઉર્ફે રમેશ ટીડાભાઇ મુંધવા/ભરવાડ ઉવ.૨૧ રહે.મોરબી-૨ લક્ષ્મી સોસાયટી વિશાલ ફર્નીચર પાછળ તા.જી.મોરબી વાળાને ગઈકાલ તા-૩૦/૦૫ના રોજ અટક કરી આરોપીની યુક્તિ પ્રયુક્તિથી સઘન પુછપરછ કરતા આરોપીએ અન્ય એક હથીયાર પોતાની પાસે હોવાની કબુલાત આપતા ગણતરીની કલાકોમા આરોપી હરીકિશન ટીડાભાઇ મુંધવાની પાસેથી બીજુ પણ હથીયાર કબ્જે કરી અલગથી આર્મસ એકટ તથા જી.પી.એકટ કલમ હેઠળ ગુન્હો રજી. કરાવી બીજા ગુનામાં પણ અટક કરવામા આવેલ છે અને બન્ને ગુનામાં આગળની તપાસની તજવીજ ચાલુ છે.

# ગીર સોમનાથના ઉનામાં ACBની સફળ ટ્રેપ

## ઉના PSI એચ. કે. વરુનો વચેટીયો લાંચ લેતાં ઝડપાયોઃ પ્રોહીબિશન કેસમાં આરોપીને ન મારવા માટે માંગી લાંચ

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ગીર સોમનાથ:** એક તરફ સરકારી તંત્રને ભ્રષ્ટાચાર મુક્ત કરવાની સરકાર મોટી મોટી વાતો કરતી હોય છે અને સરકારી અધિકારીઓ તેમાં ૫૮ અધિકારીઓ પોતે લાંચના કીચડમાં ધકેલાયેલા જોવા મળતા હોય છે. ત્યારે આવા તત્વોની શાન ઠેકાણે લાવવાનું કામ કરે છે એન્ટિ કરપ્શન બ્યૂરો. ત્યારે હવે ગીર સોમનાથ જિલ્લા અઈઇ દ્વારા ફરી એકવાર સફળ ટ્રેપ ગોઠવીને લાંચિયા પોલીસ કર્મચારીના વચેટિયાને ઝડપી



પાડ્યો છે અને ખાખી પાછળના ભ્રષ્ટ અધિકારીનો ચહેરો સમાજની સામે મૂક્યો છે એકવાર સફળ ટ્રેપ ગોઠવીને લાંચિયા પોલીસ કર્મચારીના વચેટિયાને ઝડપી પાડ્યો છે અને ખાખી પાછળના ભ્રષ્ટ અધિકારીનો ચહેરો સમાજની સામે મૂક્યો છે.

વાત છે ગીર સોમનાથ જિલ્લાના ઉનાની જ્યાં જિલ્લા ACB દ્વારા ટ્રેપ ગોઠવીને ઉના પોલીસ સ્ટેશનના ડ્જાંઈ એચ. કે. વરુના વચેટિયાને લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યો છે. જ્યારે ટ્રેપ માંથી ડ્જાંઈ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો કેસની વિગતો એવી છે કે પ્રોહીબિશન કેસમાં આરોપીને માર ન મારવા માટે ડ્જાંઈ એચ. કે. વરુ દ્વારા ફરિયાદી પાસેથી ૫ લાખ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી. બાદમાં, લાંબી રકઝક બાદ લાંચની રકમ ૫ લાખથી ઘટાડીને ૧ લાખ નક્કી કરવામાં આવી હતી. સમગ્ર મામલે ફરિયાદી દ્વારા જિલ્લા ACBમાં ફરિયાદ કરવામાં આવી હતી. જિલ્લા ACB દ્વારા ઉનામાં ટ્રેપ ગઠવીને PSIનો વચેટીયો વિજય જેઠવા લાંચની રકમ લેતાં ઝડપાયો હતો જ્યારે PSI એચ. કે. વરુ ન છૂટવામાં સફળ થયો હતો.

# જામનગર પટેલ કોલોનીમાં આવેલા છાસવાલા શોપમાં કેન્ડીમાંથી જીવાત નીકળીઃ ફૂડ શાખાએ ૧૦ હજારનો દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પટેલ કોલોનીમાં આવેલા છાસવાલા શોપમાં કેંડીમાંથી જીવાત નીકળી ફૂડ શાખાએ ૧૦ હજારનો દંડ ફટકાર્યો જામનગર જામગનરમાં પટેલકોલોનીમાં આવેલી દુકાનમાં મેંગો કેન્ડીમાં જીવાતની ફરિયાદના પગલે ફુડશાખાએ ચેકીંગ કરી ગંદકી સબબ રૂ.૧૦૦૦૦નો દંડ ફટકારી કેન્ડીના નમૂના પૃથ્થકરણ માટે મોકલ્યા છે. ગોકુલનગરના ગોલા પાર્લરમાંથી નમૂના લઇ લેબોરેટરીમાં



મોકલાયા છે. શહેરમાં પટેલકોલોની શેરી નં.૯ માં આવેલી દુકાનમાં મેંગો કેન્ડીમાં જીવાતની ફરિયાદના પગલે ગુરૂવારે ફુડશાખાએ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં મેન્યુફેક્ચરીંગ દરમ્યાન જીવાતના પગલે કેન્ડીના નમૂના લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. દુકાનમાં સ્વચ્છતાનો અભાવ હોય પેઢીને રૂ.૧૦૦૦૦નો દંડ ફટકારાયો છે. જ્યારે મેન્યુફેક્ચરીંગ યુનિટમાં પણ જાણ કરવામાં આવી છે

# જામનગરમાં મહાનગરપાલિકાની આંગણવાડીઓમાં યોજાયો બાલક પાલક સર્જનનો અનોખા કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મહાનગરપાલિકાની આંગણવાડીઓમાં યોજાયેલા બાલક પાલક સર્જનના અનોખા કાર્યક્રમમાં વાલીઓએ છાપકામ, મણકા પોરવડી સહિતની રમત-ગમતની મોજ માણી હતી. જામ્યુકોની આઇસીડીએસ શાખામાં ચાલતી પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રોજેકટ પા પા પગલી અંતર્ગત બાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળદિવસના ભાગરૂપે ૩ થી ૬ અને ૨ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓને આંગણવાડીની પૂર્વ પ્રાથમિક શિક્ષણ



પ્રવૃતિથી માહિતગાર કરાયા હતાં. બાળકોના વાલીઓએ છાપકામ, ચીટક કામ, મણકા પોરવણી સહિતની મોનરંજન પ્રવૃતિની મોજ માણી હતી. તદઉપરાંત બાળકોના વાલઓને બાળકોના વિકાસના ૬ પાસા જેવા કે શારીરિક, બૌધ્ધિક, માનસિક, સર્જનાત્મક,ભાવનાત્મક અને રચનાત્મકની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાના ભૂલકા, વાલીઓ, આંગણવાડીના કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતાં

# મોરબીના રામધન આશ્રમ ખાતે રામધૂનનું અયોજન કરી રાજકોટ ગેમઝોનના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:રાજકોટ ગેમઝોનમાં આગ લાગવાની કરુણાંતિકામાં મૃત્યુ પામેલા સદ્ગતોની આત્માઓની શાંતિ માટે મોરબી મહેન્દ્રનગર પાસે આવેલ રામધન આશ્રમ દ્વારા હૃદયપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ આપવાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રામધન આશ્રમના મહંત પૂજ્ય ભાવેશ્વરી માઁ તેમજ બહોળી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી રામધૂન કરી હતી અને બે મિનિટનું મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



# જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સદસ્યો સાથે થયેલી ચર્ચા મુજબ જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે શહેરમાં કુલ ૧૫ જગ્યાઓ પર હાઈ માસ્ટ ટાવર લગાવવામાં આવ્યા છે. જેથી શિયાળામાં ધુમ્મસ દરમિયાન વાહનચાલકો માટે મુશ્કેલી ઉભી ન થાય. તેમજ જાહેર માર્ગો પર પેવમેન્ટ માર્કિંગ, ઝીબ્રા ક્રોસિંગ માર્કિંગ કરાયું છે અને હાઈવે પર સ્ટ્રીટ લાઈટ્સની વ્યવસ્થા કરાઈ છે.આ ઉપરાંત વિદ્યાર્થીઓના પરિવહન માટે કાર્યરત સ્કૂલબસ, સ્કૂલ વાન, પેસેન્જર વાન, ઈકો વાહન, ઓટો રીક્ષા તેમજ તમામ પ્રકારના વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવશે. જે વાહનોમાં તેની ક્ષમતા કરતા વધુ લોકો બેસાડવામાં આવશે, તો તેના



વાહન ચાલક વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરાશે.તેમજ શાળા કોલેજોમાં માર્ગ સલામતીના નિયમો વિષે જનજાગૃતિ વધે તે માટે સ્ટુડન્ટ્સ કાઉન્સેલિંગ એન્ડ પેરેન્ટ્સ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન, શહેરમાં પાર્કિંગ યોગ્ય રીતે થાય તે માટે નવા પાર્કિંગ પ્લેસ, ટ્રાફિક પોઈન્ટ પર રેગ્યુલર ચેકીંગ, સ્કૂલબસ અને પેસેન્જર વાન ચાલકોના લાયસન્સ ચેકીંગ અને માર્ગ અકસ્માતો નિવારી શકાય તેથી પબ્લિક ટ્રાન્સપોર્ટના વાહન ચાલકોને વિશેષ તાલીમ આપવામાં આવશે. સીએનજીવાળા વાહનોમાં ગેસ સિલિન્ડરનું ''સિલિન્ડર હાયડ્રો ટેસ્ટ સર્ટિફિકેશન'' થયેલું છે કે નહીં તેની ખાસ ઝુંબેશ હાથ ધરાશે. જાહેર સ્થળોએ અને કચેરીઓમાં ફાયર સેફટીના નિયમોનું પાલન અને ફાયર સેફટીના સાધનોની જાળવણી અંગે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવશે.

વિશેષમાં હાઈવે પર વૃક્ષોનું નિયમિતપણે ટ્રિમિંગ કરાવવું, ''ગુડ સમરીટન સ્કીમ'' નો પ્રચાર-પ્રસાર વધારવો, રોડ રિસર્ફેસીંગની કામગીરી તાત્કાલિક રીતે પૂર્ણ કરાવવી અને જાહેર જનતાને માર્ગ સલામતીના નિયમો દર્શાવતા પેમ્ફલેટ્સનું વિતરણ તેમજ અન્ય જરૂરી મુદ્દાઓ પર વિસ્તૃતપણે ચર્ચા- વિચારણા હાથ ધરવામાં આવી હતી. ઉક્ત સમીક્ષા બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, પ્રાંત અધિકારીઓ તેમજ સમિતિના અન્ય સદસ્યો હાજર રહ્યા હતા.

### સોમવારે પરોઢે આકાશમાં ગ્રહોનો નજારો

# સોમવાર પરોઢે ચંદ્ર, મંગળ, શનિ નરી આંખે જોઈ શકાશેઃ વિજ્ઞાન જાથા

## બુધ, ગુરૂ, યુરેનસ, પ્લુટો, નેપચ્યુન ટેલીસ્કોપથી જોઈ શકાશેઃ સવારે ૫-30 થી ૫-૩૮ સુધી અવકાશી નજારોઃ અવકાશી નજારો નિહાળવા વિજ્ઞાન જાથાની અપીલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અવકાશમાં શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ નિરંતર સમયાંતરે પરિભ્રમણ કરતા હોય છે ત્યારે અમુક દિવસ, વર્ષ, ચોક્કસ સમય સાથે સમયાંતરે આકાશમાં ખગોળીય ઘટના જોવા મળતી હોય છે. ૩ જુન ને સોમવાર પરોઢે સાડા પાંચથી આઠ મિનિટ સુધી ગ્રહોનો અવકાશી નજારો જોવા મળવાનો છે. અમુક ગ્રહ નરી આંખે જોઈ શકાશે. જયારે બાકીના ગ્રહો આધુનિક ટેલીસ્કોપથી જોવા મળશે. અવકાશમાં સૂર્યના ઉદયના કારણે પરોઢે સમયની મર્યાદામાં જોઈ શકાશે. ખગોળીય ઘટના નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ૩ જુન, સોમવારના પરોઢે ખગોળીય ઘટના બનવાની છે જેમાં અમુક ગ્રહો નરી આંખે જોઈ શકાશે જયારે બાકી ગ્રહો આધુનિક ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાશે. ચંદ્ર, મંગળ, શનિ ગ્રહ નરી આંખે આહલાદક જોઈ શકાશે. જયારે બુધ, ગુરૂ, યુરેનસ, નેપચ્યુન વિજ્ઞાનના ઉપકરણોથી આહલાદક જોવા મળશે. સૂર્યના ઉદયના કારણે આકાશમાં થોડા સમય માટે આ નજારો જોવા મળશે. ખગોળપ્રેમીઓ પાસે આધુનિક દુરબીન, ટેલીસ્કોપ હોવાના કારણે ખગોળીય આનંદ મેળવતા હોય છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે સોમવાર પરોઢે અવકાશી ઘટના સંદર્ભે જાથાના કાર્યાલયે અનેક જિજ્ઞાસુઓએ પુછપરછ કરી તેથી આવી ઘટના અવકાશમાં નિરંતર બનતી હોય છે તે માહિતી આપવાનો હેતુ છે. આ ઘટનાને યુતિ સાથે કશી જ લેવા-દેવા નથી. યુરેનસ, નેપચ્યુન, પ્લુટો, સૂર્યથી ખૂબ જ દૂર હોવાના કારણે નરી આંખે જોઈ શકાતા નથી, ટેલીસ્કોપથી જોઈ શકાય છે. આમ તો બે ગ્રહો જ સ્પષ્ટ જોવા મળશે. ચં તેમાં શોભાયમાન સાક્ષી બનશે. બુધ નરી આંખે જોઈ શકાય છે પરંતુ આ દિવસે જોવા નહિં મળે.

વિજ્ઞાન જાથાનું દેશભરમાં લોકો અવકાશ તરફ નજર કરતા થાય તેવું અભિયાન ચાલે છે તે અંતર્ગત લોકોને માહિતગાર કરવા જાણકારી આપવામાં આવે છે. અવકાશી ગ્રહો કરોડો માઈલ દૂર હોવાના કારણે કદી પણ માનવજીવન કે તેની દૈનિક ક્રિયામાં અવરોધરૂપ નથી. નિર્જીવ ગ્રહો માનવને કદી પણ નડતા નથી. ભારતમાં સદીઓથી લેભાગુઓ લોકોને ઊંધા માર્ગે વાળી ક્રિયાકાંડો તરફ દોરી જાય છે તેનું દુઃખ છે. ચં પૃથ્વીનો મિત્ર હોય માનવજીવન માટે સદાય ઉપકારક છે. ચં આ દિવસે સ્પષ્ટ જોઈ શકાશે. ચં-મંગળની હાથના આંગળામાં વીંટી જોઈએ ત્યારે નબળા મનના લોકોની છાપ ઉભી થાય છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવન સાથે સ્નાનસુતક સંબંધ નથી. અંતમાં, સોમવારે વહેલી પરોઢે અવકાશી નજારો નિહાળવા જાથા અપીલ કરે છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન દુર્ઘટનાના ૨૭ હતભાગીઓની ડી.એન.એ. રિપોર્ટના આધારે ઓળખવિધિની કામગીરી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના રાહત કમિશનરશ્રીએ આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, ટી.આર.પી. ગેમ ઝોનમાં બનેલી દુઃખદ ઘટના સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર તથા રાજકોટ પોલીસ તંત્ર દ્વારા નીચે મુજબના પગલા તાત્કાલિક લેવાયેલ છે.

## મૃતકોની યાદી આ સાથે સામેલ છે

૧. જિજ્ઞેશ કાળુભાઈ ગઢવી (ઉ.૩૪)
૨. સ્મિત મનીષભાઈ વાળા (ઉ.૨૨)
૩. સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા (ઉ.૨૧)
૪. સુનીલ હસમુખભાઈ સિદ્ધપુરા (ઉ.૩૦)
૫. આશાબેન ચંદુભાઈ કાથડ (ઉ.૧૯)
૬. હિમાંશુ દયાળજીભાઈ પરમાર (ઉ.૨૦)
૭. ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (ઉ.૩૬)
૮. વિશ્વરાજસિંહ જશુભા જાડેજા (ઉ.૨૪)
૯. સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (ઉ.૨૨)
૧૦. નમ્રદીપસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.૧૯)
૧૧. જયંત અનિલભાઈ ઘોરેચા (ઉ.૪૫)
૧૨. ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨)
૧૩. વિરેન્દ્રસિંહ નિર્મળસિંહ જાડેજા (ઉ.૪૦)
૧૪. દેવાંશી (દેવશ્રી) હિતેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨)
૧૫. રાજભા પ્રદીપસિંહ ચૌહાણ (ઉ.૧૫)
૧૬. નિરવ રસીકભાઈ વેકરીયા (ઉ.૨૦)
૧૭. શત્રુઘ્નસિંહ શક્તિસિંહ ચુડાસમા (ઉ.૨૫)
૧૮. વિવેક અશોકભાઈ દુસારા (ઉ.૨૮)
૧૯. ટીશા અશોકભાઈ મોડાસિયા (ઉ.૨૪)
૨૦. કલ્પેશ પ્રવીણભાઈ બગડા (ઉ.૨૨)
૨૧. ખ્યાતિ રતિભાઈ સાવલિયા (ઉ.૨૮)
૨૨. ખુશાલી વિવેકભાઈ દુસારા (ઉ.૨૪)
૨૩. હરિતા રતિભાઈ સાવલિયા (ઉ.૨૫)
૨૪. મિતેશ બાબુભાઈ જાદવ (ઉ.૩૦)
૨૫. પ્રકાશચંદ કનૈયાલાલ હિરણ (ઉ.૪૫)
૨૬. મોનુ કેશવ ગૌંડ (ઉ.૨૧)
૨૭. અક્ષય કિશોરભાઈ ઢોલરીયા (ઉ.૨૮)

(૧) જે લોકોના પરિવારજનો મળી આવતા નહોતા, તે માટે સૌ પ્રથમ ઘટના સ્થળ પર ડીઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ તથા પોલીસની ટીમ દ્વારા યાદી મેળવવામાં આવી હતી.

(૨) બનાવની રાત્રે જેમ જેમ મૃતદેહો રીકવર થયા, તેમ તેમ તેને સિવિલ હોસ્પિટલ ખાતે લાવી પોસ્ટમોર્ટમ તથા હતભાગીઓના ડી.એન.એ. સેમ્પલ લેવાની કાર્યવાહી તથા તેમના પરિવારજનોના ડી.એન.એ.સેમ્પલ મેળવવાની કામગીરી હાથ ધરી મોડી રાત્રે પૂર્ણ કરી, એર એમ્બ્યુલન્સ મારફતે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલા હતા.

(૩) ગુમ થયેલ વ્યકિત અને પરિવારજનો વિશે તેમના પરિવારના અલગ-અલગ લોકો દ્વારા એકથી વધુ સ્થળોએ માહિતી લખાવવામાં આવી હતી, તેથી અમુક નામો બેવડાતા હતા અથવા હુલામણા નામોના કારણે સંખ્યા બેવડાતી હતી, તેવા કિસ્સામાં નામોની ફેર-ચકાસણી કરી મૃતકોની યાદી આખરી કરવામાં આવી હતી, અને ૨૭ મૃતદેહોના ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવેલ અને તેના પરિવારજનોના ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવેલ. આ તમામ સેમ્પલોની સરખામણી થઈ જતા ૨૭ લોકોનો આ ઘટનામાં મૃત્યુ પામ્યાનું કન્ફર્મ થયેલ છે અને ૨૭ મૃતદેહોની તેના વાલી વારસોને સોંપણી થયેલ છે.

(૪) અમુક લોકો ખાનગી હોસ્પીટલો (ટ્રીનીટી હોસ્પિટલ) માં દાઝેલી હાલતમાં સારવાર લઈ રહેલ છે કે મૃત્યુ પામેલ છે, તેવી ભ્રામક માહિતી બાબતે જણાવવાનું કે, ટ્રીનીટી હોસ્પીટલ દ્વારા સોશ્યલ મીડીયામાં વિડીયો દ્વારા રદિયો આપવામાં આવેલ છે તેમજ હોસ્પીટલના સંચાલકનું મામલતદારશ્રી દ્વારા નિવેદન લઈ ઉપરોક્ત બાબત ખોટી હોવાની ખરાઈ કરવામાં આવેલ છે.

(૫) હિતેષભાઈ ઉર્ફે વિજયભાઈ લાભશંકર પંડયાએ તેના ભાણેજ તથા તેના જૂના પાડોશીના બે સંતાનો મળીને કુલ ત્રણ વ્યક્તિ ગુમ હોવાની ફરિયાદ કરતા તેમની વિગતો ચકાસતાં આ બાબત ખોટી જણાતાં આ વ્યક્તિ વિરૂધ્ધ આઈ.પી.સી. ની કલમ ૨૧૧ હેઠળ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે.

(૬) તમામ ૨૭ મૃતદેહોના સેમ્પલ લેવાયેલ ત્યારથી દરેક હતભાગી દીઠ એક નાયબ મામલતદાર અને એક પી.એસ.આઈ. ની નિમણૂંક કરવામાં આવેલ અને તેમના પરિવારનો સંપર્ક કરી, જયારે મૃતદેહ સોંપવામાં આવે ત્યારથી અંતિમ વિધિ સુધી તમામ બાબતમાં મદદરૂપ થવા અને ત્યાર બાદ મૃતકને આપવાની થતી સી.એમ.રીલીફ ફંડ અને પી.એમ. રીલીફ ફંડની સહાયની પ્રક્રિયા પુર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

(૭) એફ.એસ.એલ. ટીમ દ્વારા મૃતદેહોના ડી એન એ પરિવાર જનો ના ડી એન એ સાથે મેચ કરવા માટેની કામગીરી દિવસ રાત સતત કરવામાં આવી હતી.

(૮) હાલ કોઈપણ વાલી વારસ તરફથી તેમના પરીવારજનો ગુમ હોવાની ફરીયાદ પેન્ડીંગ નથી અને ૨૭ મૃતદેહો તેમના પરીવારજનોને સોંપી દેવામાં આવેલ છે.

(૯) આમ છતાં હજુ પણ કોઈ વ્યક્તિ ની ભાળ આગ દુર્ઘટના પછી મળતીના હોય અને તેમના પરિવારજનોને શંકા હોય તો રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેર કરાયેલા ફોન નંબર- ૮૩૨૦૯ ૬૫૬૦૬, ૨૮૧ ૨૪૫ ૭૭૭૭૫૨ તથા SIT ના અધ્યક્ષ ભરત બી. બસીયા, મદદનીશ પોલીસ કમીશ્નર, ક્રાઇમ, રાજકોટ શહરના મો.નં.૯૦૩૩૬૯૦૯૯૦, SIT ના સભ્ય એમ.આર.ગોંડલીયા, પો.ઇન્સ., ડીસીબી પો.સ્ટ. ના મો.નં.૯૬૮૭૬૫૪૯૮૯, એસ.એમ.જાડજા, પો.ઇન્સ., બી.ડીવીજન પો.સ્ટ. ના મો.નં.૯૭૧૪૯૦૦૯૯૭, આર.એચ.ઝાલા, પો.સબ.ઇન્સ., એલસીબી ઝોન-૨ ના મો.નં.૯૮૨૫૮૫૫૩૫૦, ડી.સી.સાકરીયા, પો.સબ.ઇન્સ., ડીસીબી પો.સ્ટ. ના મો.નં.૮૦૦૦૦૪૦૦૫૦, ડીસીબી પો.સ્ટ. ના નં.૦૨૮૧ ૨૪૪૪૧૬૫, રાજકોટ તાલકા પોલીસ સ્ટશન ના નં.૦૨૮૧ ૨૫૬૩૩૪૦ તથા રાજકોટ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમ ના નં.૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરવા આથી જાહેર જનતાને અનરોધ કરવામા આવે છે.

# તાલુકા પોલીસ મથકના પૂર્વ પીઆઈ વણઝારા અને ધોળાની પુછપરછ કરતી ક્રાઈમ બ્રાંચ

## પહેલા ગાંધીનગર CID ક્રાઈમમાં નિવેદનો નોંધ્યા બાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચે કબ્જો લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં બનેલી ગોઝારી ઘટનામાં કથીત રીતે સંડોવણીની શંકાએ રાજકોટ ક્રાઇમ બ્રાંચની ટીમે વધુ બે પોલીસ ઈન્સપેકટરનો ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાંચમાં નિવેદન અપાયા બાદ કબજો લઇને પૂછપરછ શરૂ કરતાં પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે અગ્નીકાંડમાં રાજકોટ તાલુકા મંથકમાં ફરજ બજાવી ગયેલા તત્કાલીન પીઆઈ વી.એસ. વણઝારા (હાલ અમદાવાદ), જે. વી.ધોળા (હાલ ભુજ)ને પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યા હતાં. આ બન્ને અધિકારીઓ આજે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ સમક્ષ જવાબ રજૂ કરવા પહોંચ્યા હતાં. જવાબ રજૂ કર્યા બાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમ બન્ને પોલીસ ઈન્સ્પેકટરનો કબજો લઈ મોડી રાત્રે રાજકોટ આવી પૂછપરછ શરૂ કરી છે.

અત્યાર સુધીમાં અગ્નીકાંડમાં ચાર પીઆઇની પૂછપરછ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી એકપણ પોલીસ અધિકારીની ધરપકડ કરવામાં આવી નથી ટૂંક જ સમયમાં પોલીસ બેડામાંથી ધરપકડનો દોર શરૂ થવાના સૂત્રોમાંથી નિર્દેશ મળી રહ્યા છે.

# બેડલાથી સાલખડા ગામના રસ્તે દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળી

## હસનવાડીમાં રિક્ષામાં બીયરની હેરાફેરી કરતો બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ તાલુકાના બેડલા ગામથી સાલખડા ગામ તરફના રસ્તે દારૂ ભરેલી ટાટાસફારી કાર પોલીસને રેઢી મળી આવતા પોલીસે રૂ.૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર ચાલકની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ ગામીત ની સુચનાથી એએસઆઈ જે.એલ.બાળા કોન્સ્ટેબલ સુરેશભાઈ ગમારા સહિતનો સ્ટાફ ગ્રામ્યવિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બેડલા ગામથી સાલખડા ગામ તરફના રસ્તે નદીના પુલ પાસે એક સફેદ કલરની ટાટાસફારી કાર નં.જીજે૩ સીઆર૨૨૩૩ નંબરનું શંકાસ્પદ રીતે પડી હોય પોલીસે કારની તલાસી લેતા વિદેશી દારૂની ૪૮ બોટલ તથા ૭૨ બોટલ દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર નંબરના આધારે ચાલકની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે એક બનાવમાં ભક્તિનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ નરેન્ભાઈ અને કોન્સ્ટેબલ મયુરધ્વસિંહ સહિતનો સ્ટાફ હસનવાડી વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા ત્યારે શિવશક્તિ મોટરગેરેજ વાળી શેરીમાં મયુર ઉર્ફે કિશન ભરત ડેડાણીયા નામનો બુટલેગર સિએન્જી રિક્ષા નં.જીજે૩એડબલ્યુ ૫૮૭૯ લઈ શંકાસ્પદ નીકળતા પોલીસે તેને અટકાવી રિક્ષાની તલાસી લેતા ૪૮ બીયરના ટીન મળી આવતા પોલીસે રિક્ષા સહિત રૂ.૬૪૪૦૦નો મુદ્દામાલ કબજે કરી બુટલેગરની ધરપકડ કરી છે.

# જૂનાગઢની યુવતીએ માતા અને બહેનની બિમારીની ચિંતામાં આપઘાત કર્યો

## ટીબીની વધુ પડતી દવા પી લેતા સારવાર દરમ્યાન રાજકોટ સિવિલમાં દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીએ તેની માતા અને બહેનની બીમારીની ચિંતામાં પોતે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.યુવતી પોતાના ઘરે ટીબીની વધુ પડતી દવા ગટગટાવી લેતા તેણીએ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવી હતી. અને અહીં તેણીએ સારવારમાં દમ તોડી દેતા પરિવાર શોકમાં ગરક થયો છે.



માહિતી મુજબ જુનાગઢમાં વાલ્મીકિ વાસમાં રહેતી તૃપ્તિ ભીખુભાઈ ચુડાસમા (ઉ.વ.૨૩) નામની યુવતી પોતાનાં ઘરે હતી. ત્યારે ટીબીની વધુ પ્રમાણમાં ગોળીઓ પી ગઈ હતી. બાદ તેણીની તબિયત લથડતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.અહી તેણીએ સારવારમાં દમ તોડી દિધો હતો. બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેણીના બહેનને ટીબીની બીમારી હોય જેથી ટીબીની દવા ઘરમાં હતી. અને તેણીના માતાં પડી હોવાથી તેમણે ઈજા પહોંચી હતી. જેથી માતા અને બહેનની બીમારીની ચિંતામાં આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. મૃતક એક ભાઈ અને એક બહેનમાં મોટી હતી.અને તેના પિતા ગેસ્ટહાઉસમાં નોકરી કરે છે. હાલ બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ છે.

# સત્યનારાયણનગરમાં પરણિતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## દ્વારકેશ કોમ્પ્લેક્સની ઓફિસમાં યુવાને આપઘાત કરી લેતા અરેરાટી : માધાપર ચોકડી પાસે બસ સ્ટેશનના પટમાં લોહીની ઉલટી થતા અજાણ્યા યુવાનનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ સત્યનારાયણનગરમાં રહેતી પરણિતા અને નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે આવેલા ારકેશ કોમ્પ્લેક્સની ઓફિસમાં યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

પ્રથમ બનાવમાં લાખના બંગલા પાછળ આવેલ જીવંતીકાનગર મેઈન રોડ પર સત્યનારાયણનગરમાં રહેતી કવિતાબેન મોહિતભાઈ રાઠોડ (ઉ.વ.૨૩)નામની પરણિતાએ ગઈકાલે સાંજના પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્યકારણોસર ગળાફાંસો ખાઈ લેતા ૧૦૮ને જાણ કરવામાં આવતા ઈએમટી પ્રિયલબેન સોલંકી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પરણિતાને જોઈ તપાસી મૃતક જાહેર કરી હતી. બનાવ અંગેની જાણ ગાંધીગ્રામ પોલીસને કરવામાં આવતા એસીપી રાધીકા ભારાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું હતુંકે, કવિતાબેનના લગ્ન અઢી વર્ષ પહેલા થયા હતા. તેને સંતાનમાં એક બાળક આઠ માસનું છે. તે સાસુ-સસરાથી અલગ રહે છે.

જ્યારે બીજા બનાવમાં નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ પાસે ક્રિસ્ટલ હોસ્પિટલની બાજુમાં આવેલ ારકેશ કોમ્પ્લેક્સમાં ફ્રેન્ડસ ટેકનોલોજી નામની ઓફિસમાં સંદિપભાઈ ઠાકરશીભાઈ રોકડ (ઉ.વ.૩૫)નામના યુવાને કોઈ અગમ્યકારણોસર ગળાફાંસો ખાઈ લેતા ૧૦૮ને જાણ કરવામાં આવતા ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃતક જાહેર કરી તાલુકા પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જ્યારે અન્ય એક બનાવમાં માધાપર ચોકડી પાસે આવેલ બસ સ્ટેશનના પટમાં કોઈ અજાણ્યા યુવાન આશરે ઉંમર ૩૫ વર્ષ વાળાને લોહીની ઉલટી થતા બેભાન હાલતમાં મોત થયું હોવાની ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવતા પીએસઆઈ એસ.એલ.ગોહિલે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રામનાથપરામાં માનસિક બિમાર સગર્ભાનો આપઘાત

## નમાજ પઢવા જાવાનું કહી મહિલાએ રૂમ બંધ કરી પગલુ ભરી લીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રામનાથપરામાં સગર્ભાએ રૂમમાં નમાઝ પઢવા જાઉ છું, કહીં રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. જ્યારે આ મામલે પોલીસે તપાસ કરતાં સગર્ભાએ માનસિક બીમારીથી કંટાળી પગલું ભર્યાનું ખુલ્યુ હતું. મળતી વિગત મુજબ, વૈદારબેન રમઝાનભાઈ હોથી નામના ૩૪ વર્ષીય મહિલના ૬ માસ પહેલા ૧ જ લગ્ન થયા હતા. દરમિયાન તેઓ માનસિક અસ્વસ્થ રહેતા જેથી તેમની દવા ચાલુ હતી. દિવસો જતા તેણી સગર્ભા થઈ હતી. હાલ તેના ઉદરમાં પાંચ માસનો ગર્ભ હતો. ગર્ભાવસ્થાના કારણે તેની માનસિક અસ્વસ્થની બીમારીની દવા બંધ થઈ હતી. જેથી તે ચિંતિત રહેતી કે, આ દવા બંધ થઈ છે તો હવે તેનું અને તેના આવનાર બાળ બાળકનું શું થશે.આ ચિંતામાં જ પોતાના પરે રૂમમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. બનાવના પગલે એ. ડિવિઝન પોલીસે નોંધ કરી કાર્યવાહી કરી છે.

# આગામી તા.૯ જુને સમસ્ત કોળી સમાજનો જીવનસાથી પરિચય મેળો યોજાશેઃ અગ્રણીઓની હાજરી

## સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરેલાં યુવક-યુવતીના બાયોડેટા સંસ્થા પાસે રજીસ્ટર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમસ્ત કોળી સમાજના દિકરા-દિકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળે અને સમાજના વડીલો એકબીજાના સંપર્કમાં આવે અને એક જ સ્થળ પર એકબીજાના સંપર્ક દ્વારા માતા-પિતાના સંતાનોના લગ્નોની ચિંતા હળવી થાય તેવા હેતુથી અમારી સંસ્થા દ્વારા અલગ-અલગ શહેરોમાં વેવિશાળ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે તેમાં ખુબજ સારી સફળતા મળેલ છે. યુવક યુવતીના ૧૧૯૯ ઉમેદવારના બાયોડેટા અમારી સંસ્થા પાસે રજીસ્ટર છે. સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજયુકેશન ફેમીલીના યુવક યુવતીઓ માટે કોળી શકિત્ત યુવક મંડળ અમરેલી તથા જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ રાજકોટ ના સંયુકત ઉપક્રમે રાજકોટ ખાતે તારીખ ૦૯/૦૬/૨૦૨૪ રવિવારે સમય સવારે ૮.૦૦ કલાકે થી



૨.૦૦ વાગ્યા સુધી. સ્થળ : પંડિત દિનદયાલ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલ, યુનિટ-૧, સેટેલાઈટ ચોક, પેડક રોડ, રાજકોટ મુકામે શાહી-જાજરમાન આયોજન યોજાશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સૌરાષ્ટ્રગુજરાત તેમજ રાજકોટ શહેર જીલ્લા ના કોળી સમાજના ડોકટરો, વકિલો, શિક્ષકો, પોલીસ, બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ઉચ્ચકક્ષાના અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રના તમામ સરકારી કર્મચારીઓને પધારવા આમંત્રણ છે. આ આયોજનને સફળ બનાવવામાટે કોળી શકિત યુવક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ પ્રમુખ દેવાંગભાઇ કુકાવા મહા મંત્રી કલ્પેશભાઇ બાવરીયા, શૈલેષભાઈ માલમ, હકાભાઈ સોરાણી, અરૂણાબેન મગવાનીયા તેમજ ટ્રસ્ટના સર્વે હોદેદારો સભ્યશ્રીઓ જહેમત ઉઠાવી રહયા છે.

૧. સમસ્ત કોળી સમાજના લગ્નોત્સુક યુવકો ૧૨ થી વધારે અભ્યાસ કરેલ, યુવતિઓ ૧૦ થી વધારે અભ્યાસ કરેલ આ પસંદગી મેળામાં ફોમ ભરી ભાગ લઇ શકશે. ૨. નવા ઉમેદવારે અગાઉથી ફોર્મ ભરવાના રહેશે. ૩. અગાઉ યોજાયેલા પસંદગી મેળાના ઉમેદવારોએ ફોર્મ ભરવાના નથી તે ઉમેદવારોએ સવારે ૯.૩૦ કલાકે હાજર રહેવાનું રહેશે. ૪. બહારગામના નવા ઉમેદવારે ફોર્મ ભરવામાટે સવારે ૮.૩૦ કલાકે હાજર રહેવુ પડશે. ૫. ઓનલાઈન પણ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ પરિચય મેળામાં જે ઉમેદવાર ભાગ લેવા માંગતા હોય તો અન્ય માહિતી માટે રમેશભાઈ ગોહિલ મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦, કલ્પેશભાઇ બાવરીયા મો. ૭૫૬૭૫ ૯૩૪૫૭ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી છે તેમ કોળી શકિત્ત યુવક મંડળ અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ ની સંયુકત અખબાર યાદીમાં જણાવેલ.

# જામનગર ધ્રોલના વાગુદડ ગામના પાટીયા પાસેથી ઈંગ્લીશ દારૂની ૪૫૬ બોટલ સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલના વાગુદડ ગામના પાટીયા પાસેથી ઈંગ્લીશ દારૂની ૪૫૬ બોટલ સાથે બે ઝડપાયા જોડિયામાંથી કાર મારફતે માતબર ઇંગ્લિશ દારૂનો જથ્થો જામનગરમાં મોડી રાત્રે ઘુસાડવામાં આવી રહ્યો હોવાની બાતમી મળી હતી. દરમિયાન ધ્રોલ હાઈવે રોડ પર પોલીસે વોચ ગોઠવી નાની-મોટી ૪૫૬ નંગ ઇંગ્લિશ દારૂની બોટલના જથ્થા સાથે જામનગરના બે શખ્સોની અટકાયત કરી લીધી છે, જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર જોડીયા તાલુકાના પીઠડ ગામના એક બુટલેગરને ફરારી જાહેર કરાયો છે.ધ્રોલ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે



જોડિયા પંથકમાંથી એક કાર મારફતે ઇંગ્લિશ દારૂનો જથ્થો મોડી રાત્રે જામનગરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે રાત્રિના એક વાગ્યાના અરસામાં વાગુદડ ગામના વોકળા પાસે પોલીસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન નંબર પ્લેટ વગરની એક સ્વિફ્ટ કાર ત્યાંથી પસાર થતાં પોલીસે તેને આંતરી લીધી હતી, અને કારની તલાસી લેતાં તેમાં થી જુદી જુદી બ્રાન્ડની નાની મોટી ૪૫૬ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીઓનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે કાર અને ઇંગ્લિશ દારૂ સહિત ૪.૩૨ લાખ હજારની માલમતા કબ્જે કરી લીધી હતી અને કારમાં બેઠેલા જામનગરના બે દારૂના ધંધાર્થીઓ બ્રિજરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા તેમજ કપિલ રાજુભાઈ ધનવાણીની અટકાયત કરી લીધી હતી, અને નોધવામાં આવ્યો છે. બંનેની જથ્થો જોડિયા તાલુકના પીઠડ ગામના રૂપાલસિહ ખુમાનસિહ પડેજાએ સપ્લાય કરી હોવાનું કબુલતા તેને ફરારી જાહેર કરી તપાસનો દોર પીઠડ ગામ સુધી લંબાવ્યો છે.

